સાલ : ૭ / સિલસિલાવાર નંબર : ૭૯ / શુમારો : ૭ بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ફુલ પાના - ૧૦

مشكوة الهادي
Mishkaat-ul-Haadi
મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખ્બાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. તા. ૧ રજબુલ અસબ ૧૪૩૧ હી., ૧૨-૬-૨૦૧૦

# -::: રજબુલ મુરજ્જબ : ઈબાદતોની મૌસમ :::-

રજબ મહીના અજબ શાનના મહીના છે. તે વરસના સાતમાં મહીના છે. એક અઠવાડિયાનાં સાત દિનમાં સાતમાં દિનની એહમીયત અઝીમ છે, ઘણી મોટી છે. સાતમો દિન શનિવારનો છે. જુમોઆ છઠ્ઠો દિન છે. તેના સાહબ અને મમ્સૂલ, ખત્મુલ મુરસલીન મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) છે. આપે તમામ આગલી ઉમ્મતોને હિદાયત વાસ્તે જમા કીધી, તમામ શરીઅતોને જમા કીધી. આસ્માની કિતાબોનો મજમૂઓ કુરઆન છે. કુરઆનને રજબુલ મુરજ્જબની ૨૭ મી રાતે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પર જીબ્રઈલ (અ.સ.) લઈને આવા છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના એક વસી છે, જેઓની વિલાદત કાઅબતુલ્લાહમાં ૧૩ મી રજબે થઈ. આપનું નામ અલી, લકબ વલીયુલ્લાહ, મુરતઝા તેમજ અમીરૂલ મુમેનીન અને કુનીયત અબુલ હસન અને અબુ તુરાબ છે. અમીરૂલ મુમેનીન (અ.સ.) એક માઅનામાં સાતમાં દિનના હિસ્સેદાર છે, જેના માલિક સાતમા નાતિક મૌલાના કાઈમુલ કયામાહ છે. મૌ.કાઈમ ના કોઈ વસી નથી **તેથી અલીયુલ મુરતઝા વસીઓના આખિર, ખાતમ અને તમામ છે.** રજબ, શાઅબાન અને શહરૂલ્લાહ ઈબાદાતનાં મહીના છે. રજબ મહીનાનાં મમ્સૂલ અને સાહબે માઅરેફત મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) છે. આપ તમામ ઈબાદતખાનાઓના ઈમામ કાઅબતુલ્લાહમાં પૈદા થયા, જે જગા પર આગલા નબીઓ યા વસીઓ માંથી કોઈ પૈદા થયું નથી. આપનો મરતબો બલન્દો બાલા છે, આપનો અઝીમ મકામ છે. આપ અલીએ હકીમ સિરાતેમુસ્તકીમ છે.

આપના પહેલા કોઈ પણ શખ્સ જન્નતમાં દાખિલ નહીં થાય. સબબ કે, આપના હાથમાં લિવાઉલ હમ્દ (હમ્દનો પરચમ) હશે. જેને પાછલ તમામ અંબિયા, ઔસિયા, અઈમ્મતની સવારી હશે અને પછી મુમેનીન હશે. આપના ફઝાઈલ બેશુમાર,મસ્જિદોના ઈમામ, કાઅબતુલ્લાહમાં આપની પૈદાઈશ થઈ અને આપે શિકમે માદરમાંથી દુનિયાની ખૂલ્લી ફિઝામાં આવતાં જ અલ્લાહતઆલાને એક સજદો બજાવો. આ આપની ઈબાદતનો પહેલો સજદો હતો અને કૂફાની મસ્જિદની મેહરાબમાં શહરૂલ્લાહની ૧૯ મીએ આપે નમાઝમાં પહેલી રકાતમાં પહેલો સજદો બજાવો, એ સજદો આપની ઝિંદગીનો આખરી હતો અને શુક્રે ખુદામાં શહાદતને વક્ત બીજો સજદો હતો. **એક કાઅબતુલ્લાહ માં સજદો તે પહેલો અને એક કૂફાની મસ્જિદની મેહરાબમાં તે બીજો અને આખરી.** આપે ઈબાદાતે ઈલાહીયાહનાં મિનારને બલન્દ કીધા. આખરી સજદામાં આપ કાઅબાનાં રબની કસમ સાથે કામિયાબ થઈ ગયા. **"ફુઝતો વ રબ્બિલ કાઅબા"**. આપના માનનારા હકીકી મુમેનીન છે. કાઅબાના દીદાર સાથે એ મુમેનીન આપની જાએ વિલાદતનો દીદાર કરે છે. રૂકને યમાની ને અંદર આપની જાએ વિલાદત છે. આપ અસ્હાબે યમીનનાં સરદાર છો, સાલેહુલ મુમેનીન છો. અમીરૂલ મુમેનીન છો. આપને માનનાર મુમેનીન ફૌઝો ફલાહ પામનાર છે. કામિયાબો કામરાન થાનાર છે. **"કદ અફલહલ મુમેનુનલ્લઝીના હુમ ફી સલાતેહિમ ખાશેઊન."** યાઅની જીતી ગયા તે લોગો જે ઈમાન લાવા અને આ તેઓ છે જે પોતાની નમાઝમાં ઝુકનાર છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **"શીઅતો અલીયિન હુમુલ ફાએઝૂન,"** યાઅની મૌ.અલી (અ.સ.) ના શીઆ કામિયાબ થાનાર છે.

આપ, રસૂલુલ્લાહનાં કલામે માસૂર નકલ કરે છે કે, આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, જન્નતમાં એક ઝાડ છે, જેની જડમાંથી કાબરચીતરા ઘોડાઓ નીકલશે, જે ન પૈશાબ કરશે ન નજાસત. જેની લગામ અને ઝીન હશે.

*(બકીયાહ પેજ નં. ૭ પર)*

**નફરતની દવા, હસતો ચહેરો રાખવો છે.**

## -::: મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની અફઝલીયત :::-

દાઈએ ઈસ્માઈલી, મુબલ્લિગે ફાતેમી **સૈ.અહમદ બિન મોહંમદ નીશાપુરી** ચોથી સદી હિજરીમાં, ૧૫ માં ફાતેમી સરતાજ મૌ.ઈમામ અઝીઝ બિલ્લાહ (અ.સ.) ના ઝમાનએ ઈમામતમાં પોતાની મશ્હૂરો માઅરૂફ કિતાબ **"ઇસ્બાતુલ ઇમામાહ"** માં ફરમાવે છે કે, લોગોને દરમિયાન કોઈ એક શખ્સમાં ગૈર-માઅમૂલી ખાસીયત કે ખૂબી હોય અને એ ખૂબીને અલ્લાહતઆલાએ ઈન્સાનની ખસ્લત અને આદતનો એક હિસ્સો બનાવો હોય અને તે બાદ એ શખ્સે તે ખૂબીને હાસિલ કરવામાં ખૂબ મહેનત કીધી હોય તો તેને **"ફઝીલત"** કહેવાય છે. મૌલાના અલીયુલ મુરતઝા (અ.સ.) ના ઉસ્તાઝ, મોઅલ્લિમ અને મુરબ્બી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) હતા. મૌલા અલી ફરમાવે છે કે, જે મુજબ એક પરિન્દૂ પોતાની ચાઁચથી તેના બચ્ચાને તેની ચાઁચમાં દાનો આપીને જમન જમાડે છે, તે મુજબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ મને ઈલ્મની આઅલા મિસાલ નેઅમત બખ્શી છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.), મુરસલીન અને અંબિયાના સરદાર હોય, આપનો આપના શાગિર્દને તાઅલીમ આપવાનો તરીકો પણ તમામથી ઊંચો હોય, જેમાં કોઈ કુસૂર હોવાની ગુંજાઈશ ન હોય. **મૌલા અલી (અ.સ.) રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) સાથે મક્કામાં ૧૩ વરસ અને મદીનામાં ૧૦ વરસ મુઆવિન-મદદગાર રહ્યા અને દીને ઇસ્લામના હર હલાલ-હરામથી આપ વાકિફ હતા.** સોહબતે સાહબે રિસાલતથી આપ હર તરહથી ફૈઝયાબ થાતા અને આપની શખ્સીયતને અખ્લાકે કરીમાહથી ઝીનત બખ્શતા. દાઅવતે હાદીયાહનાં દોઆત ફરમાવે છે કે, મૌલા અલી (અ.સ.) વાસ્તે અલ્લાહતઆલાના તરફથી **નૂર અને નસ્સની** વસાયત અને ઈમામત આવી તેના પાછલ ઘણા અસ્બાબ અને વુજૂહાત છે. મૌ.અલી (અ.સ.), રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના અસ્હાબમાંથી હતા અને આપની ૨૩ સાલની સોહબત હતી, તે ફક્ત આપની વસાયતની સાબિતીની દલીલ ન હોય. પણ આપ તમામ અસ્હાબથી ફઝલમાં, શરફમાં અને ઈલ્મમાં બહેતર હતા, જેની ઝિક્ર અલ્લાહતઆલાએ કુરઆને કરીમમાં ફરમાવેલી છે કે, ત્રણ ચીઝો એવી છે કે, ઈન્સાનને બીજા ઈન્સાન પર ફઝલ બખ્શે છે : **(૧) ઇલ્મ (૨) જેહાદ અને (૩) તકવા.**

અલ્લાહતઆલા આ ત્રણ ચીઝોને કુરઆનમાં મુખ્તલિફ આયતોમાં બયાન ફરમાવે છે. **(૧) સૂરતુન્નિસા** - હલ યસ્તવિલ લઝીના યાઅલમૂના વલ લઝીના લા યાઅલમૂન - શું જે લોગો ઈલ્મ જાણે છે અને જે લોગો ઈલ્મ નથી જાણતા તે સરખા કહેવાય. **(૨) સૂરતુઝ્ઝોમર** - વલ લઝીના ઊતુલ ઈલ્મા દરજાત - જે લોગો ઈલ્મ હાસિલ કરે છે તેઓને અલ્લાહ દરજા બખ્શે છે. **(૩) સૂરતુલ મુજાદેલાહ** - ફઝ્ઝલલ્લાહુલ મુજાહેદીના અલલ કાએદીના અજરન અઝીમા - અલ્લાહતઆલા, બેસી રહેનારાઓ પર જેહાદ કરનારાઓને ફઝીલત બખ્શે છે જે એક મોટો અજર છે, સવાબ છે. અલ્લાહ તરફથી દરજા, મગફેરત અને રહેમત છે. **(૪) સૂરતુલ હોજોરાત** - ઈન્ના અકરમકુલ ઈન્દલ્લાહે અતકાકુમ - તમારામાંથી અલ્લાહને નઝદીક કરામત-ઈઝ્ઝતવાલા તે છે જે ઝિયાદહ તકવાવાલો હોય.

ઉપરની કુરઆની આયતોમાં જે ફઝીલતોની ઝિક્ર અલ્લાહ એ કીધેલી છે તેને અગર કોઈ માઅમૂલી ઈન્સાન તેહકીકની નઝરથી જોઈ, તો શું તેને એમ કહેવું લાઝિમ થાય કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના અસ્હાબ માંથી અવ્વલ તમામ લોગો કરતા આલિમ હતો ? આના બાવુજૂદ કે લોગોને ખબર હતી કે, કુરઆનની ફક્ત ૧૩ સૂરતો એને યાદ હતી. **કોઇને અગર પૂરા કુરઆનની માઅરેફત જ ન હોય તો કઇ તરહ તેને આયતોની તાઅવીલ, માઅના, હુકમ, નાસિખ, મન્સૂખ, મોહકમ, મોતાશાબેહની પહેચાન હોય !** જો અગર અવ્વલનો આ હાલ હોય તો કોઈ પણ શખ્સ તેનાથી ઈલ્મો હિકમતની વાત યા કુરઆની મફહૂમની વાતની કઈ તરહ રિવાયત બયાન કરી શકે? અવ્વલ તો ઠીક, મગર સાની ને પણ તેનું ઈલ્મ ન હતું અને આ સાથે ઘણા જાહિલો પણ હતા. જો અગર કોઈ દુશ્મનાને અલીની ઈલ્મીયતનો દાઅવો કરતો હોય, તો એ એક મિસાલ તો લઈ આવે.

આમ, જેહાદની બાબતમાં પણ લોગોમાં ખાસો આમ બરાબર જાણે છે કે, આ કહેવાતા ખાસ અસ્હાબને શું સાલ માંથી એક દિન પણ પોતાના હાથે જાઁફિશાનીથી જેહાદ કીધી ? પણ તમામને ખબર છે કે, તારીખે ઈસ્લામમાં નથી અને મૌ.અલી (અ.સ.) ની જંગોની જેહાદ તો ખૂબ જ મશ્હૂર છે. મૌ.અલીના દુશ્મનોની જેહાદની ઝિક્રમાં

*(બકીયાહ પેજ નં. ૫ પર)*

**કૂવો ગમે એટલો ઊંડો કે મોટો હોય પણ તેના મીઠા પાનીની તાઅરીફ થાય છે.**

## -::: સ્કાય વૉક : જન્નતી રસ્તો :::-

અપને ખુદાતઆલાની ખુદાઇ, તેના રસૂલ અને વસીના ઈકરાર સાથે એમ પણ ઈકરાર કરીએ છીએ, માનીએ છીએ, ઈમાન રાખીએ છીએ કે, **ખુદાની કિતાબ હક્ક (સાચી) છે, દીન હક્ક છે,** ફરિશ્તા હક્ક છે, જિન્નાત હક્ક છે, કયામત આવશે તે હક્ક છે, કબરમાંથી ઉઠાડવામાં આવશે તે હક્ક છે, આઅમાલનો હિસાબ હક્ક છે, જન્નત હક્ક છે, જહન્નમ હક્ક છે, ખુદાનું તરાઝૂ હક્ક છે, પુલે સિરાત (ઊંચો સીધો રસ્તો) હક્ક છે. આ ચીઝોમાં કોઈ ઈમાન રાખે **તો જ એ શખ્સ મુમિન કહેવાય.** ઉપર લખવામાં આવેલી ચીઝોમાં ઘણી એવી છે, જે અપની નઝરની સામે છે અને ઘણી અપની નિગાહોથી છુપેલી છે, ગાઈબ છે, પોશીદાહ છે. પણ આ ચીઝો દેખાય કે ન દેખાય, સમઝાય, કે ન સમઝાય ઈમાનદારને તેનો ઈકરાર કરવો જ પડે. અપને દિવસમાં કુલ ૫૧ રકાત નમાઝ પઢીએ છીએ જેમાં **૨૨ વક્ત** મોટો તશહહુદ (તહીયાતો) આવે છે, લેહાઝા, અપને આ તમામ ઈમાનની ચીઝોનો ૨૨ વાર ઈકરાર કરીએ છીએ.

આજે અપને જોઈએ છીએ કે, શહેરોનું જેમ જેમ ડેવેલપમેન્ટ (વિકાસ) થાય છે યા તેમાં રહેવાસીઓની તાઅદાદ (સંખ્યા) વધે છે, તેમ તેમ શહેરને નિઝામ આપનારા એન્જીનીયરો લોગોની સુહૂલત વાસ્તે નવા-નવા નુસ્ખા, ટેકનીક આઝમાવતા હોય છે. આજે સ્ટેશનનો ઈલાકો સૌથી ભીડભાડ વાલો ઈલાકો ગણાય છે, જ્યાં હઝારો મુસાફિરો હરરોઝ પોતાની મંઝિલ પર જાવા સ્ટેશને પહોંચે છે. વસ્તી વધારાને સાથે ટ્રાફિકમાં પણ ખૂબ વધારો જોવા મીલે છે. સ્ટેશન નઝદીક, ટ્રાફીક અને લોગોની ભીડમાંથી મુસાફિરોને પોતાના સામાન સાથે ગુઝરવું ન પડે, તકલીફ ન પડે તે વાસ્તે ઝમીનથી ઉપર એક મોટું લોખંડનું સ્ટ્રક્ચર ઊભું કરવામાં આવે છે, જે પર એક મઝબૂત પ્લેટફોર્મ મુકાય છે, જેના પરથી મુસાફિરો સીધા એક જગાથી બીજી જગા જલ્દી પહોંચી જાય છે. આ પૂરી બનાવટને **"સ્કાય વૉક"** કહેવાય છે. આ ચીઝ હવે મોટા-મોટા શહેરોમાં અચુક જોવા મીલે છે.

ખુદાતઆલા કહે છે કે, મેં તમારા પર દીનને થોપી નથી બેસાડું મગર તેની હર નિશાની આ દુનિયામાં મૌજૂદ છે. લેહાઝા આ **"સ્કાય વૉક"** પર અપને નઝર કરીશું તો ગૈબની ચીઝોમાં અપને જે **"સિરાત"** (પુલ) નો ઈકરાર કરીએ છીએ તેનો તસવ્વુર સામને આવશે. જન્નતી લોગો આ જ મુજબના **"સિરાત"** પરથી ગુઝરશે, પોતાના નેક આઅમાલનો સામાન તેઓના સાથે હશે, પુલની સલામતી અને ચોડાઈથી તેઓ ખુશ હશે, જન્નતની મંઝિલ તરફ જલ્દી પહોંચી જાશે તેનું તેઓને યકીન હશે, જહન્નમની આગ-તેમાં લોગોનો શોર બકોર-ગુનાહગારોની ભીડભાડથી તેઓ આઝાદ હશે, એક જ મંઝિલ તરફ જાનાર બધાને એકબીજાનો આસરો હશે અને કોઈ રૂકાવટ બગૈર પોતાના કાયમી ઘર તરફ તેઓ પહોંચી જાશે.

અપના અકીદામાં આ "રૂહાની ફલકી રાહ" (સ્કાય વૉક) એવી છે કે, જેને કાઈમ કરનાર ખુદ ખુદાતઆલા છે. ખુદાતઆલા ફરમાવે છે કે, આ રસ્તો ખુદાનો છે, જેની ઈબાદત ઝમીન અને આસ્માનની ચીઝો કરે છે. આ ઈબાદતના સબબ ખુદા પોતાની મખ્લૂકને સીધા રસ્તાની હિદાયત આપશે. મૌ.આદમ સફીયુલ્લાહ (અ.સ.) થી મૌ.કાઈમુલ કયામાહ (અ.સ.) તક ઈમામોનો સિલસિલો જારી છે જેને **"સિરાત"** કહે છે. આ સિરાતને માનવાથી અને તેના પર ચાલવાથી જ અપને જન્નતને હાસિલ કરી શકીશું. દુનિયાના લોગોની ખુદાના અઝાબથી બચવાની કશ-મ-કશ માંથી અપને છુટકારો પામી શકીશું. ખુશકિસ્મત છે તે શખ્સ જેને આ નૂરાની ફલકી રાહ પર ગુઝર નસીબ થયો અને બદબખ્ત છે તે કે જે દુનિયાપરસ્તીના જુનૂનમાં હક્કની વાતને ન સાંભલી શકો અને ખોટા રસ્તા પર ચાલવાની અફરાતરફરીમાં પોતાની જાનને ખોઈ બેસો. ★

## -::: ઝરૂરી એલાન :::-

| | |
|---|---|
| **ધોરણ ૧ થી ૩ : ૯૦% યા તેથી વધુ** | **ધોરણ ૪ થી ૭ : ૮૦% યા તેથી વધુ** |
| **ધોરણ ૮,૯ અને ૧૧ : ૭૫% યા તેથી વધુ** | **ધોરણ ૧૦ (SSC) : ૮૦% યા તેથી વધુ** |
| **ધોરણ ૧૨ (HSC) સાયન્સ/કોમર્સ : ૭૫% યા તેથી વધુ** | **ગ્રેજ્યુએશન/પોસ્ટ ગ્રેજ્યુએશન : ૬૦% યા તેથી વધુ** |

કોઈ પણ માધ્યમ યા descipline માં તાઅલીમ લઈ રહેલા જમાઅતના હુશિયાર-હોશમંદ ફરઝંદો-દુખ્તરો જે ઉપર આપેલા કલાસોના ફાઈનલ ઈમ્તેહાનમાં અવ્વલ Performance અને આઅલા માર્કસ સાથે કામિયાબ થયેલા હોય એ તમામથી હમારી ગુઝારિશ છે કે, આ મહીનાની ૧૫ તારીખ તક કૌમી નૂરાની લિબાસમાં પોતાનો પાસપોર્ટ સાઈઝ ફોટો અને માર્કશીટની કોપી રૂા.૨૫/- સાથે મુકાસિર સાહબની ઓફિસ પર સવારે ૧૦ થી ૧૨ વાગા દરમિયાન રૂબરૂ આવી આપી જાય.

આ સિવાય મુમેનીનના ફરઝંદ-દુખ્તર માંથી કોઈએ સ્કૂલ-કોલેજ યા કોઈ પણ પ્રોજેક્ટ યા કોમ્પીટીશનમાં ગૈરમાઅમૂલી કાબિલે ઝિક્ર કારકિર્દગી હાસિલ કીધી હોય તો તેઓ પૂરી વિગત હમને પહોંચતી કરે. ઈન્શાઅલ્લાહ, હમેં હત્તલ ઈમ્કાન એની હોસલા-અફઝાઈ કરીશું અને Website ના "Shining Stars" ના માતહત એની ઝિક્રે ખૈર થાશે. ★

**અહલેબૈત (અ.સ.) ની મોહબ્બત, વરસાદના પાની જેમ છે, જેની લીલક કોઈ બીજું પાની લાવી શકતું નથી.**

## -::: અખ્બારે તૈયેબીયાહ :::-

**✳ હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) સાથે સફીરે હુકૂમતે ઈરાનની મુલાકાત :**

અપનો તૈયેબી મઝહબ મોહબ્બત અને ઊખૂવત (ભાઈચારા) નો મઝહબ છે. અઈમ્મતે તાહેરીન અને દોઆતે અકરમીન (સ.અ.) એ ઈમાનદારોને બીજી કૌમોના અફરાદ સાથે એકીનૈકીથી અને મીલી-સમઝીને રહેવાની હિદાયત આપી છે. આપ મૌલા પણ મુમેનીનને બીજા કૌમો-મસલકનાં લોગો સાથે મિલનસારી અને ઈખ્લાસથી રહેવાની રગબત આપે છે. આ જ રાહનુમાઈ ના નતીજા ના રૂએ સૈ.માઝૂનુદ્દાઅવત (દા.ઝી.) નું ઘણી વાર દિલ્લી જાવાનું થયું અને આહિસ્તા-આહિસ્તા ઈરાની સિયાસી તેમજ મઝહબી સરબરાહો સાથે ખુશ-તઅલ્લુક કાઈમ થયો. **દાઅવતે હક્કની અદબ, ઇલ્મ, તહેઝીબ, ગુફ્તગૂ અને ખુલૂસના** સબબ ઈરાનના કલ્ચરલ સેન્ટરના રઈસો સાથે ઈલ્મી-અદબી રિશ્તો ઔર મઝબૂત થયો અને આજે એ સાહબો સૈ.માઝૂનુદ્દાઅવત (દા.ઝી.) ની મુસલસિલ કોશિશથી દાઅવતના ખઝાનામાં રહેલી બાઝ મખ્તૂતાત, હાથથી લખાયેલા ઘણા જૂના ફારસી-અરબી કિતાબોને શાયેઅ કરવાનું વિચારી રહ્યા છે.

આ સિલસિલામાં તા.૧૦ જુમાદિલ ઉખ્રા ૧૪૩૧ હિ.-૨૩/૫/૨૦૧૦, રવિવારે હુકૂમતે ઈરાનના હિન્દુસ્તાનના એમ્બેસેડર ડૉ.મહેદી નબીઝાદે અને નૂર માઈક્રોફિલ્મસના ડાઈરેક્ટર ડૉ. મહેદી ખ્વાજા પીરી વડોદરાની મુલાકાતે પધારા હતા. તેઓ, હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ના દીદાર મુબારક અને મુલાકાતના શરફનો ઈરાદો રાખે છે, તે ખબર દસ દિન અગાઉથી દાઅવતના મરકઝ પર કરવામાં આવી હતી. કુરઆન-નુમાઈનો પ્રોગ્રામ પૂરો થાતાને સાથે જ ડૉ.નબીઝાદે સાહેબ અને ડૉ.પીરી સાહેબ આપ મૌલાની મુલાકાતનો શરફ હાસિલ કરવા દારૂસ્સલામ-દેવડી મુબારક પર પધારા હતા. તેઓના દરમિયાન દાઅવતના હુદૂદે સૈ.બદરૂદ્દીન હસન બિન વલી (ક.રૂ.) ની **મૌ.અલી સાહબે ઝુલફિકાર (અ.સ.)** ની શાનમાં તસ્નીફ ફરમાવેલી **ફારસીની બૈત** પઢી હતી. આપ મૌલાએ મહેમાનોની ઘણી ઈઝઝત-અફઝાઈ કીધી અને ઈત્મેનાનો ઈકરામ સાથે ખુશ-ગુફ્તગૂ થઈ.

આપ મૌલાએ ફરમાવું કે, “ઈમામતના ઝુહૂરના વક્તમાં ઈમામ મહેદી (અ.સ.) થી ઈમામ આમિર (અ.સ.) તક જેટલા આઅલા દરજાના દોઆતે બલાગ, દાઅવતે ફાતેમીયાહમાં થયા છે, **તેમાંથી ઝિયાદહ-તર ફારિસ (ઇરાન) ના છે.** આ દોઆતે કિરામે ઈસ્માઈલી મઝહબની તાવીલ, ફલસફા, તારીખ, અકાઈદ કેટલા પુખ્તા છે અને દીગર મઝહબો-મસલકો ના અસ્લો ઉસૂલ કેટલા ખોખલા છે, તેની હુજ્જતો-દલીલો વાસ્તે કિતાબોના અંબાર લગાવી દીધા છે. ઈમામે હક્કનો હુકમ અને ઈરાની સરઝમીનની તાસીરથી આ દોઆતે પોતાની કલમના ઝોરથી તે ઝમાનમાં દુશ્મનોની કમર તોડી નાખી હતી. ઈરાન સાથે દાઅવતનો ઘણો જ ગહેરો રિશ્તો રહેલો છે.” આપ મૌલાએ સૈયદના શેખઅલી શમ્સુદ્દીન (ક.રૂ.) સાહબે ૧૨૩૩ હિ. માં તેહરીર ફરમાવેલી ફારસી કિતાબની સફીરે ઈરાનને નુમાઈશ કરાવી તેહસીન ફરમાવી હતી. આપ મૌલાના ચેહરએ નૂરાની, શીરીં કલામી અને મહેમાન-નવાઝીની એ મુજબ યાદ લઈને આ ખુસૂસી મહેમાનો રવાના થયા કે, ઈન્શાઅલ્લાહ આઈન્દા અય્યામમાં આ ઈલ્મી-અદબી શમ્અ ઔર રૌશન થાવાની ઉમ્મીદ છે, જે અપની અલવીયત અને જમાઅતની ઈઝઝતને ખૂબ બલંદી પર લઈ જાશે.

દારૂસ્સલામથી ફારિગ થયા બાદ આ સાહબો બદરી મોહલ્લામાં તશરીફ લાવા, જ્યાં સૈ.માઝૂન સાહબે તેમને જમાઅતે અલવીયાહની તારીખી નૂરાની મસ્જિદનો મુશાહેદો કરાવો. મસ્જિદનું એલીવેશન, સફાઈ અને રૂહાનીયત જોઈને તેઓ હૈરાન થઈ ગયા અને વડોદરામાં આ મુજબની મારબલ પર કુરઆની આયતોની નક્કાશી થયેલી છે તેનું તેમને યકીન નહોતું થાતું. મસ્જિદમાં ઝિક્રે હુસૈન (અ.સ.) બાદ તેઓની મંઝિલ મરકઝે દાઅવત દેવડી મુબારક પર થઈ. **જ્યાં ખઝાનાના નાયાબો નાદિર કીમતી કિતાબો પર ગુફ્તગૂ અને બહેસ થઇ.** જ્યારે તેઓને ઈલ્મ થયું કે, સૈ.માઝૂન સાહબને એ તમામ જાણકારી છે કે, કઈ કિતાબમાં કયું બયાન છે, તો તેઓએ ફૌરન દાઅવતના કિતાબોનું કેટેલોગ છાપી આપવાની તૈયારી બતાવી. ઈન્શાઅલ્લાહ, જો કિતાબોની ડીટેલ દરજ કરવાનું કામ વક્ત પર પૂરૂં થયું તો ઝરૂર કેટેલોગ પણ તૈયાર થઈ જાશે. એમ્બેસેડર સાહબને એવી પણ ફારસીની કિતાબો

*(બકીયાહ પેજ નં. ૯ પર)*

**પત્થર, ઘસાયને બરદાશ્ત કરીને હીરો બને છે તેમ આદમી મુસીબતોને ઊચકીને સાચો ઈન્સાન બને છે.**

(પેજ નં. ૨નું બાકી) **મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.)....**

તારીખને તહેરીર કરનારાઓ તેઓની ખામીઓ અને કુસૂરને લખે છે અને જેહાદમાંથી નાસી જાવામાં, ફરાર થાવામાં તો તેઓ મશ્હૂર હતા અને જંગે હુનૈનમાં પણ તેઓ ભાગેડૂ સાબિત થયા હતા. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ તો સાની ને એક જંગમાં એક પહાડને નઝદીક મુસલમાનોની હિફાઝત વાસ્તે ઊભો રાખો હતો, પણ તેએ તો ફરમાને નબીની ખિલાફ-વરઝી કીધી અને હિફાઝત કરવાના બદલે તે પોતે જ મુસલમાનોના ટોલાઓમાં દાખિલ થઈ ગયો. આ જ જંગમાં રસૂલુલ્લાહ અને મૌ.અલી દુશ્મનો સાથે લડાઈ કરતા રહ્યા અને કાફિરોને કત્લ કરતા રહ્યા એ હદ તક કે, દુશ્મનો નાસીપાસ થઈને મૈદાને જંગમાંથી પીઠ બતાવી નાસી ગયા.

તકવા, યાઅની કે પરહેઝગારી અને દિલમાં અલ્લાહના ડરની વાત કરીએ તો સવાલ થાય છે કે, તેઓ કેટલા મુત્તકી હતા ? તેઓએ તો મૌ.અલી (અ.સ.) નો કાઈમ મકામીનો હક્ક છીનવી લીધો. અહલે બૈતની વિરાસત આંચકી લીધી અને નાહક્ક નબી સાહબની મસ્નદના દાઅવે-દાર બની બેઠા. હમેં તો કહીએ છીએ અને કુરઆને પાક તેમજ હદીસથી સાબિત છે કે, **જે વક્ત કોઇ શખ્સ આલિમ જ ન હોય તો મુત્તકી કઇ તરહથી હોય શકે ?** પરહેઝગારી તો ઈલ્મથી જ આવે છે કે, જેનાથી એ પહેચાને કે કઈ ચીઝ પોતાની છે અને કઈ ચીઝ બીજાની છે. તેથી જ યહાઁ જે કઈ આયતે કુરઆનીની ઝિક્ર થઈ, તે સાબિત કરે છે કે, મૌ.અલી (અ.સ.) જ મસ્નદે નબવીને લાઈક હતા અને આપ તમામ ફઝીલતોમાં ચઢીયાતા હતા, કેમકે તમામથી આલિમ, મુત્તકી અને મુજાહિદ આપ જ હતા.

ઝિયાદહ પરેશાન કરવાવાલી વાત તો એ છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના આ અસ્હાબે પોતાની હયાતીમાં પોતે પોતાના ફઝલ, ઈલ્મ અને તકવાનો એવો દાઅવો નહોતો કીધો જેટલો દાઅવો આજે તેઓના માનનારાઓ કરે છે. આ વાત સહી છે કે, અવ્વલ જે વક્ત લોગોનો ઈમામ મુકર્રર થયો અને મિમ્બર પર ચઢો તો એં કહ્યું કે, **તમેં લોગોએ મને પસંદ કીધેલો છે અને હું તમારાથી બહેતર તો નથી જ.** જો એનો આ કૌલ સાચો હોય તો એના અસ્હાબનો દાઅવો જૂઠો થાય છે. જો એનો કૌલ જૂઠો હોય તો જૂઠો શખ્સ ઈમામ બનવાને લાઈક નથી. એના ફઝલના દાઅવેદારોએ એ હદ વટાવીને કહ્યું કે, આ તો હમારા સાહબની નમનતાઈ અને નરમી છે. હમેં કહીએ છીએ કે, નરમી અને ખાકસારી વાસ્તે પણ કોઈ મૌકો અને વક્ત હોય છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ઝાત મુબારક વાસ્તે અલ્લાહતઆલાએ જે કઈ મંઝેલત અને રૂત્બો આપો હતો તેની ઝિક્ર આપ ખુદ કરતા હતા અને આથી આપ માં તકબ્બુરી કે ફખર દાખિલ ન્હોતો થાતો, ન કે પોતાની ઝાતને નીચી પાડતા હતા. પણ આપ કહેતા હતા કે, **હું અરબનો સરદાર છું,** પણ ફખર નહોતા કરતા. **હું અરબનો ફસીહો બલીગ છું,** પણ ફખર નહોતા કરતા. મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) એ પણ ફરમાવેલું કે, તમેં મને પૂછી લો એ વાત પહેલા કે, તમેં મને ખોઈ નાખો. આપે એમ પણ કહ્યું કે, અગર મારા વાસ્તે મસ્નદ બીછાવવામાં આવે અને હું એના ઉપર બેસું તો બેશક હું, **તૌરાત ના લોગોમાં તૌરાતથી, ઇન્જીલના લોગોમાં ઇન્જીલથી અને ફુરકાનના લોગોમાં ફુરકાનથી ફેસલો કરૂં.** આ મુજબના કૌલની મિસાલ ઘણી મીલે છે. પણ, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) કે મૌ.અલી (અ.સ.) ના દિલમાં કોઈ ઘમંડ દાખિલ ન થયો, ન કે આપે નમનતાઈ કે ખાકસારી ને મુકી. યહાઁ તો અવ્વલના કૌલની બાબત એવી છે કે, એ કહે છે કે, “તમેં મને પસંદ કીધો પણ હું તમારાથી બહેતર ન હતો.” આમાં એ વાતની દલીલ છે કે, અલ્લાહતઆલા યા એના રસૂલે એને નમાઝમાં યા બીજા કોઈ અમરમાં આગલ કીધો જ ન હતો અને ન એને આગલ જાવાનો ઈશારો કીધો હતો. આ કૌલ જાણે ઓછો હોય એમ અવ્વલ મઝીદ કહે છે કે, મારા વાસ્તે એક શયતાન છે કે, જે મારા ઐબને ખુલ્લા પાડે છે. **જો હું અચ્છી વાત કહું તો તમેં મારી ઇતાઅત કરજો અને બુરી વાત કહું તો મને બરાબર કરજો, સહી કરજો.** આ મુજબ અવ્વલે તો પોતાની ઝાતથી જ કમઅકલીની શાહેદી નબી સાહબના વફાત બાદ મિમ્બર પર જ દઈ દીધી. આ હકીકત છે કે, શયતાન જેનો કબ્ઝો લઈ લે યા કે એને ખુલ્લો કરે તો એ મજનૂન-ઘેલો જ છે. એની ઝાતથી જ એં ઈકરાર કીધો કે, એ અગર મોટા ગુનાહોંમાં ગિરફતાર થાય તો લોગો પર વાજિબ થાય છે કે, એને રોકે અને સીધા રસ્તા પર લાવે. એક સાદા મિઝાજ શખ્સ સમઝી શકે છે કે, **જેના પર જુનૂન સવાર હોય**

(બકીયાહ પેજ નં. ૬ પર)

**મુમિન, ફલદાર દરખ્ત મુજબ છે, દરખ્તની જડ જેટલી મઝબૂત એટલા ફલ-ફૂલ વધારે, →**

*(પેજ નં. ૫નું બાકી)* **મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.)....**

**અને જેના ઐબ શયતાન ખુલ્લા પાડતો હોય એના વાસ્તે ઇમામ બનવું કેમ જાઇઝ થાય?** એના આ કૌલ બાદ પણ કે, જે એ એના માનનારાઓને કહે છે કે, શયતાન મને ગુમરાહ કરી નાંખે છે. એના ઝાતથી જ એને ઈકરાર કીધો કે, એ બુરાઈથી પોતાને બચાવી નહી શકે અને જે બુરાઈથી ન બચી શકે એ નાફરમાન કહેવાય અને અલ્લાહતઆલાની નાફરમાની યાઅની હક્કને રદ કરવો કહેવાય અને આમાં ઝિના યા કત્લ જેવા મોટા ગુનાહો દાખિલ થાય છે. શયતાન એવા જ ગુનાહોનો હુકમ કરે છે, જે એના દિલ અને આંખને લુભાવે, જે તરહ અલ્લાહ ફરમાવે છે કે, શયતાન તમને ફકરો ફાકા (ફકીરી) નો વાઅદો આપે છે અને બુરી-ફહેશ ચીઝોનો હુકમ કરે છે. (૨-૨૬૮)

પોતાની ઝાતથી જે કોઈ લોગોને ખબર આપે કે, આ તમામ ચીઝો એનાથી સરઝદ થાનારી જ છે અને એમ પણ કહે કે, **તમેં મને સંભાલી લે જો, બરાબર કરી લે જો.** તો આ સાંભલવાનો કે બરાબર કરવાના અમલનો કોઈ પણ શખ્સ જહાઁ તક કબીરા-અઝીમા ગુનાહ ન કરે ત્યાં તક મોહતાજ થાતો નથી. કેમ કે, નાના ગુનાહો તો દોઆએ મગફેરતથી જ પડી જાય છે. અવ્વલે એમ પણ કુબૂલ કીધું કે, લોગોથી એની તાઅત ને ઉચકી લેવામાં (રદ કરવામાં) આવી છે અને એ લોગો પર વાજિબ નથી કે, એની તાઅત કરે. પોતાની ઝાતથી શાહિદી આપી કે, એ શયતાનનો દોસ્ત છે. જેમ અલ્લાહતઆલા ફરમાવે છે કે, તે કોઈ જે અલ્લાહની ઝિક્રમાં ઓછાપો લાવે એનો પીછો કરે છે અને એનો કરીબ-દોસ્ત બની જાય છે. રેહમાનની ઝિક્ર તે મૌ.અલી (અ.સ.)ની ઝિક્ર છે અને આપની ઝિક્રથી મૂઁહ ફિરાવનાર ને અલ્લાહતઆલા શયતાનની સંગત સાથે મીલાવી દે છે. જે એના લિબાસને ચાક કરે છે અને ઐબને ખોલી નાંખે છે. **જો કોઇ શખ્સ પોતાને સીધો કરવામાં લોગોનો મોહતાજ હોય તો જે શખ્સ એને સીધો કરે તે જ શખ્સ વાંકા-વલી ગયેલાનો ઇમામ છે, એ એના કરતા ફાઝિલ છે, ઉપર છે.** આ અવ્વલે તો પોત જ કહ્યું છે કે, હું વાંકોચુંકો છું. આ સિફતનો શખ્સ કોઈ વક્ત ઉમ્મતનો સરદાર ન હોય શકે. વાંકાચુકાપણાની હાલતમાં અને શયતાનના ઐબ નિકાલવામાં જે કઈ લોગો ને એ ફરમાન કરે તે પણ બેશક સીધું ન હોય અને જે કઈ એ બોલે એમાં શયતાનની ઈતાઅત અને રહેમાનની નાફરમાની હોય. કોઈ વક્ત એવું પણ બને છે કે, શયતાન એને કુફ્ર અને હક્કને રદ કરવાનું કહે અને એ લોગોને પોતાના તરફથી ચંદ અચ્છી વાતોનો હુકમ કરે અને થોડી શયતાનની વાત પણ મુકી દે. **શયતાન અલ્લાહનો દુશ્મન છે અને જેનો દોસ્ત અલ્લાહનો દુશ્મન હોય તે પણ અલ્લાહનો દુશ્મન છે.** જે ચીઝની બિના શર પર હોય તેનો દીન યા ઈમામતથી શું વાસ્તો ? સાનીએ એમ પણ કહ્યું કે, અલ્લાહ આ અવ્વલની બયઅતની બુરાઈથી લોગોને બચાવે. પણ, અલ્લાહતઆલાએ તો એ લોગોને આ બુરાઈથી બચાવા જ નહીં. જેના સબબ ગુમ્રાહી, ખિલાફ-વરઝી, ઝુલ્મ, સખ્તી, હક્ક બગૈર કત્લ, હક્કને મારી લેવું, માલને હડપ કરવું, શરમગાહોને મુબાહ કરવું, ખૂન, દીનમાં ફેરફાર જેવી ખરાબીઓ જે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઝમાનામાં ન હતી એ તમામ ચીઝ તેઓના મઝહબમાં દાખિલ થઈ અને એ બયઅતનો શરારો અને એનો બુરો અંજામ કયામતના દિન તક જારી રહેશે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, તે કોઈ જે નૈક રાહો રસમ બનાવે તો એને તેનો અજર મીલશે અને કયામતના દિન તક તે સુન્નતે હસનાહ પર અમલ કરનારનો પણ એને અજર મીલશે. હવે જે કોઈ બદ રાહો રસમ જારી કરશે તો એને તે બદીનો ભોગ આપવો પડશે અને જે લોગો કયામતના દિન તક તે બદી પર ચાલશે તેનો અઝાબ પણ ઉચકવો પડશે. **હર બિદઅત ગુમ્રાહી છે અને હર ગુમ્રાહી જહન્નમના રસ્તા તરફ લઇ જાનાર છે.** આ તરહની બયઅત જે ઈમામતના જૂઠા દાઅવાની હોય તે પણ બિદઅત છે અને અવ્વલની આ એકાએકની બયઅત કોઈ સુન્નત નથી પણ ગુમ્રાહી છે.

અવ્વલના ઈન્તેકાલ બાદ સાનીએ રૂસૂમુલ અંબિયા અને કુરઆને કરીમના ફરમાનને નેવે મુકી દીધા. સાની ના ઝમાનની અકસર લડાઇઓમાં મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) મૈદાને જંગમાં હાઝિર રહ્યા. **કેમકે**

*(બકીયાહ પેજ નં. ૭ પર)*

(પેજ નં. ૧નું બાકી) **રજબુલ મુરજ્જબ....**

તેની લગામ સોના ની અને ઝીન યાઅકૂત અને મોતીઓની હશે. તે ઘોડાઓ પર ઈલ્લીયીનના લોગો સવાર થાશે, તેઓના નીચે જે લોગો જન્નતમાં હશે તેના ઉપરથી ઈલ્લીયીન ગુઝરશે. અહલે જન્નત તેઓને જોઈને કહેશે કે, અય રબ્બ, આ તારા બંદાઓ ને આ કરામત પર કેમ પહોંચાડા છે? તો તેઓને કહેવામાં આવશે કે, **"તેઓ દિનમાં રોઝા કરતા હતા અને તમેં જમતા હતા,** તેઓ રાતમાં ઈબાદત વાસ્તે ઉઠતા હતા અને તમેં સૂઈ રહેતા હતા, તેઓ સદકો આપતા હતા અને તમેં બખીલી કરતા હતા, તેઓ જેહાદ કરતા હતા અને તમે સુસ્તી કરતા હતા." **રજબ મહીના નાફેલતનાં રોઝાઓનાં મહીના છે.** રાતની નમાઝ અને દિનના રોઝાનો અજર અનેક ગણો છે. રોઝાઓ ફરઝ નથી પણ ફઝલ અને સવાબમાં ચઢિયાતા છે. મૌલાના અલી અમીરૂલ મુમેનીનનાં દરજાને અહલેવલા અને મવદ્દતને દરમિયાન આશ્કાર કરવા વાસ્તે આ રોઝાઓની તાવીલ છે.

પહેલા રજબ અને આખરી શહરૂલ્લાહ. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ પોતાની રિસાલતની દાઅવતની ઈબ્તેદામાં ઝુલ અશીરા યાઅની કરાબતનાં લોગોમાં રિશ્તેદારોમાં ઈસ્લામની દાઅવતને કાઈમ કીધી, તેઓમાંથી આપનો નાસિર અને મોઆવિન બનવા કોઈ તૈયાર ન થયો. કુરૈશના ૪૦ સરદારો આ ઝિયાફતમાં હાઝિર હતા. કહેવાને તો મુખ્તસર ઝિયાફત હતી પણ, બાતિનમાં તે કુરૈશીઓના દિલોનાં હાલ જાણવા વાસ્તે ઈલાહી આઝમાઈશ હતી. નબી બાદ વસાયતનો મકામ આઅલા છે. ચીલાચાલૂ-અરઝલીન-કમ્ઝોર ઈમાનવાલા નબી બાદ ખિલાફતનો તાજ પહેરે એ હરગિઝ અલ્લાહને મંઝૂર ન હોય ! આ મકામ તો અલીએ આઅલા વાસ્તે જ મુદખર અને ખાસ હતો. આ બાતિની ઈશારા કુરૈશનાં કટ્ટરવાદી સરદારો અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના હાસિદ અને બાગિઝ ચંદ ભત્રીજાઓ-કાકાઓ શું સમઝે-આ તે લતીફ ઈશારા છે, જે તે લોગોની અકલને પલ્લે ન પડે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આ જ વસાયત અને વલાયતની આખિરી રિસાલતને આપની ઉમ્રના આખિરી મરહલામાં પૂરી કીધી. **શુરૂઆતમાં દાઅવતે વલાયત અને આખિરમાં પણ પૈગામે મવદ્દત-આ દરમિયાનમાં આપની ૨૩ સાલા રિસાલત અને નબૂવત છે.** આ જ તરઝો શાકેલત પર શુરૂઆતમાં રજબની ઈબાદત અને આખિરમાં શહરૂલ્લાહની બંદગી દરમિયાનમાં શાઅબાનનો મહીનો, જેની ઈબાદતનાં સાહેબ તાજે રિસાલત મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) છે. કેમ કે શાઅબાન આપનો મહીનો છે.

ઈબાદતના આ ત્રણે મહીનાનો હક્ક મુમેનીન અદા કરે છે, તેઓ વાસ્તે જન્નતમાં કાબરચીતરા ઘોડાઓની સવારી છે. ઘોડાઓ પર સવાર આઅલા જન્નતીઓ અને તેઓની આલીશાન સવારીઓને નીચેથી જોનારા દીગર જન્નતીઓ. ઈબાદતની નિય્યત અને ઈખ્લાસના સબબ જન્નતનાં ઘોડા પર સવારીનો મકામ હાસિલ થાય છે. ઘોડાઓ પણ જન્નતી સાઝો સામાન અને લગામો-ઝીન વાલા હોય છે. અલ્લાહતઆલા, દાઈયુઝઝમાન સૈયેદના તૈયેબ ઝિયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) ની દોઆઓની બરકતથી, શહરે રજબની ઈબાદતો બરકાતનાં તુફૈલમાં મુમેનીનની સવારી જન્નતી લોગોમાંથી ગુઝારે અને સવાબે અઝીમ ઈનાયત કરે. આમીન...યા ઈલાહલ આલમીન. ★

---

(પેજ નં. ૬નું બાકી) **મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.)....**

**આપને જેહાદો જંગની આદાબો તાઅલીમ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) થી મીલી હતી.** જે વક્ત ફારિસના-શહેરો ફતેહ થયા જેમાં અહલે મજૂસ પણ આબાદ હતા, તો સાનીએ ઈરાદો કીધો કે મજૂસને કત્લ કરી નાખે અને એના જિઝયાને કુબૂલ ન કરે. મૌ.અલી (અ.સ.) ફરમાવવા લાગા કે, આ મજૂસ લોગોના નબી છે અને કિતાબ પણ છે, તેથી તેમને કત્લ કરવું જાઈઝ નથી. આ બાબતમાં હમેં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના વક્તમાં અહલે કિતાબ સાથે જે સુલૂક કીધો તે તરીકો અને સુન્નત પર તમને ચાલવું જોઈએ. તો આ કૌલ પર સાનીએ પોતાની ભૂલનો ઈકરાર કીધો અને મજૂસીઓને તેમના દીનો મિલકત પર બરકરાર રાખા. લેહાઝા, એક નાહક્ક કત્લથી આપ (અ.સ.) એ ઈસ્લામને બચાવી લીધું. આવા તો ઘણા કિસ્સાઓ તારીખમાં દરજ છે, જેનાથી મૌ.અલી (અ.સ.) ની અફઝલીયત, ઈન્સાફ અને ઈલ્મીયત ઝલકી ઉઠે છે. ★

**ઝબાનથી વાતચીત કરનાર તો ઘણા છે મગર અકલ અને દિલથી વાત કરનાર ઘણા જ કમ છે.**

## -::: ઈન્તેકાલ પુર મલાલ :::-

નામ : **અકબરઅલી ફિદાઅલી પટેલ**
સરનામું : નાગપાડા, મુંબઈ.
વફાતની તારીખ : ૯ જુમાદિલ અવ્વલ ૧૪૩૧ / ૨૨-૪-૨૦૧૦, જુમેરાત.

---

નામ : **કુરઆનબુ નજમુદ્દીન (અમર) ટીનવાલા**
સરનામું : ભદ્ર કચેરી, પાણીગેટ, વડોદરા.
વફાતની તારીખ : ૫ જુમાદિલ આખર ૧૪૩૧ / ૧૮-૫-૨૦૧૦, મંગલવાર.

---

નામ : **હસીનાબુ યુસુફઅલી સૂરતી**
સરનામું : સૂરતી હવેલી, મોગલવાડા, વડોદરા.
વફાતની તારીખ : ૭ જુમાદિલ આખર ૧૪૩૧ / ૨૦-૫૨૦૧૦, જુમેરાત.

---

નામ : **સારાબુ ઇબ્રાહીમ નડીયાદવાલા**
સરનામું : નડીયાદ.
વફાતની તારીખ : ૧૪ જુમાદિલ આખર ૧૪૩૧ / ૨૭-૫-૨૦૧૦, જુમેરાત.
ફોન : ૯૯૨૪૫૨૭૧૨૮.

---

નામ : **શીરીનબુ યૂસુફઅલી રેતીવાલા**
સરનામું : બહાર કોલોની, આજવા રોડ, વડોદરા.
વફાતની તારીખ : ૨૪ જુમાદિલ આખર ૧૪૩૧ / ૬-૬-૨૦૧૦, રવિવાર.
ફોન : ૯૩૭૬૨૩૮૩૦૨. ★

(મુમેનીનને મરહૂમના ફાતેહા પઢવા વાસ્તે ઈલ્તેમાસ છે.)

---

નોંધ :- જે મુમેનીન આ અખ્બારમાં ફોટા સાથે કોઈ પણ મૌકાની ખબર આપવા માંગતા હોય, તો તેના વાસ્તે રૂા.૭૫/- હદીયો મુકર્રર થયેલો છે. આ ખબરને વેબસાઈટ પર મુકવી હોય તો તેનો અલ-હાદી સાથેનો કુલ હદીયો રૂા.૨૦૦/- રાખવામાં આવો છે. ★

**એક ઘરમાં કોઈની મૌત થતાં મૌલાના અલી (અ.સ.) એ તેના સગાવ્હાલાઓ દિલાસો દેતા ફરમાવું કે, આ મૌતની ચીઝ કંઈ તમારા વાસ્તે જ ઝાહિર નથી થઈ અને તેનો ખાતેમો પણ તમારા ઉપર નથી. તમારો ગુઝરનાર ઘણી વકત મુસાફરી પર જાતો હતો. હવે તમે એમ જ સમજી લો કે તે મુસાફરી પર ગયો છે. જો તે પાછો આવે તો ઠીક છે નહી તો તમે તેને જઈને મીલશો જ.**

## -::: Best Wishes :::-



**Bhaisaheb Shafiqah Hashimali**
(73% Zenith)



**Bhaisaheb Saeedul khayr Mazoon Saheb S. Hatim Zakiyuddin**
(82% Rosary)

Both of them studying in 11th (com.) stood 1st in their respective schools and we congratulate them for their success & hope for the same in std. 12th too. ★



**Fatema**
Std.: 4
**94.33%**



**Zainab**
Std.: 7
**97.50%**

Daughters of Najmuddin Barodawala studying in Zenith School scored highest marks in their annual exams-2009-10 and stood first in their respective classes. Right from their childhood they have always maintained to remain 1st in every standard. We wholeheartedly appreciate their sincerety in studies and outstanding performance in extra curricular activities too. ★

**મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, આ જે હું કહું છું તે ખૂબ જ ખાતરીથી કહું છું, ખુદાતઆલા તેનો શાહિદ છે અને સરવરે કાએનાત (સ.અ.વ.વ.) ની ઝબાન મુબારકથી જારી થયેલી છે કે, અય અલી ! મુમિન હરગિઝ તમારી અદાવત નહીં કરે અને મુનાફિક હરગિઝ આપનો દોસ્ત નહીં બને.**

**જેને પછીથી સીધું ન કરી શકીએ, તેવું ઊલટું કામ કદી કરવું જોઈએ નહીં.**

## -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે લફ્ઝી કશ-મ-કશને નવા અંદાઝથી પૈશ કરવામાં આવે છે. આમાં ખાના આપેલા છે જેમાં નંબર મુજબ સવાલ પૂછવામાં આવો છે. દરમિયાનનું ખાનું ખાલી રહેશે અને બાકીના ખાના જવાબ સહી હોવાના સાથે ભરાઇ જશે અને પૂરી તરકીબ મુકમ્મલ થઇ જશે. નીચે આપેલી કશ-મ-કશને સહી તૌર પર પૂરી કરી તેને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઇ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તેઝ કરો.....

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | ■ | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**ઊભી તરકીબ :**

(૧) ખુદાતઆલાએ હ.મૂસા નબીને ----- નો મોઅજિઝો બખ્શો હતો. (૨)

(૨) રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ------ અને વફાત એક જ દિવસે આવે છે. (૩)

(૩) ફરઝ અને ------- અદા કરવામાં ખૂબ જલ્દી કરવી જોઇએ. (૩)

(૭) ખુદાની ------ માં ગુઝારેલો હર વક્ત ઈબાદત છે. (૨)

**આડી તરકીબ :**

(૨) ખુદાતઆલાએ અંબિયાનો ભારીમાં ભારી ---- લીધો. (૩)

(૪) આફત, મુસીબત. (૨)

(૫) આલમીનનો ------, યાઅની જહાનોનો પાલનહાર. (૨)

(૬) રિશ્તેદારો સાથે મોહબ્બત રાખશો તો તમારી ઉમ્ર ------ થાશે.. (૩)

**ગયા શુમારાનો ખુલાસો :**

| | | | | |
|---|---|---|---|---|
| | | મા | | |
| | ક | લ | મ | |
| દા | દ | ■ | હ | વા |
| | ર | સૂ | લ | |
| | | ર | | |

★

---

*(પેજ નં. ૪નું બાકી)* ***અખ્બારેતૈયેબીયાહ....***

બતાવવામાં આવી જેની નકલ દુનિયાભરમાં ફક્ત દાઅવતે હાદીયાહના ખઝાનામાં જ છે, જેમાં શીઆ મઝહબના આઅલા બયાનો છે. તેઓ પૂરી કોશિશ કરશે કે, એવા તારીખી કિતાબ ઈરાનમાં છપાય અને લોગો તેનાથી ફાયદો હાસિલ કરી શકે.

તારીખમાં આ યાદગાર મૌકો હતો કે, કોઇ મુલ્કના સફીરે દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ની અને ઈલ્મ-અદબી ગુફતગૂના પયરાયામાં મરકઝે દાઅવતની મુલાકાત કીધી હોય અને ખુશ તઅસ્સુરાત લઈને વદાઅ થયા હોય. અલ્લાહતઆલા આવી જ મુફીદ-મુલાકાતોના અસ્બાબ રૂનુમા કરે જેથી દાઅવતે હક્કના મિનાર બલંદ થાય અને અપની જમાઅતની શોહરત-શનાખ્ત આલમમાં વધારેમાં વધારે રોશન થાય. આમીન...

***નોટ :- આ ફંકશનની તસ્વીરો કારેઈન અપની વેબસાઇટ પર જોઈ શકે છે.*** ★

---

*(પેજ નં. ૧૦નું બાકી)* ***ચાલબાઝી....***

શાનમાં બયાન કર અને બીજી આયત જે ઈબ્ને મુલજિમની નાપાકી વાસ્તે ઉતરેલી છે તેને આપના વાસ્તે બયાન કરી દે. સુમ્રાહે ઈન્કાર કીધો. અબુ યઝીદે એક લાખ દિરહમનો વધારો કીધો તો પણ સુમ્રાહે કુબૂલ ન કીધું. તેએ ત્રણ લાખ આપવાની તૈયારી બતાવી તો પણ સુમ્રાહ તેના હાથમાં ન આવો. આ સુમ્રો લોગોમાં ઘણો મશહૂર હતો, હુશિયાર હતો અને લોગો તેની વાત ન માને એમ કોઈ સવાલ જ ન હતો. **આખિરમાં તેને ચાર લાખ દિરહમની ઓફર કરવામાં આવી.** જેને સુમ્રાહે કુબૂલ રાખી અને તે નાપાકે શામી હાકિમના કહેવા મુતાબિક મૌ.અલીની શાનવાલી આયતને ઈબ્ને મુલજિમ મરદૂદના નામે અને આ મરદૂદની નાપાકીની આયતને મૌ.અલી (અ.સ.) ના નામ પર રિવાયત કરી દીધી.

અપના મસ્તૂરીન ઈમામો તક શામ અને બગદાદમાં આ મુજબના ઈસ્લામી તારીખ, ફલસફા, અકાઈદ, તફસીર, ફિકહ, વગૈરા પર એવા ઝખ્મ લગાવવામાં આવા કે, જેનું દર્દ આજે પણ અહલે ઈસ્લામ બરદાશ્ત કરી રહ્યું છે. અપના મુશ્કિલકુશા, હાજિતરવાઁ મૌ.અલી (અ.સ.) અને આપની આલે અત્હર ની અપના પર નવાઝિશ છે કે, આ દાઅવતે અલવીયાહ ના સાયએ શફકતમાં દાઈયુલ્લાહ સૈ.તૈયેબ ઝિયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) ની રાહનુમાઈમાં મુમેનીન, દુશ્મનોની ચાલબાઝી અને જાલસાઝીથી મહફૂઝ છે અને અલ્લાહ જલ્લા શાનોહૂ હર વકત અલવી મુમેનીનને શાદ અને ખુશ રાખે. ★

**જે જગા " હું " છે ત્યાં નાઈત્તેફાકી છે અને જે જગા " હમેં " છે ત્યાં ઈત્તેહાદ છે.**

# -::: ચાલબાઝી :::-

કુરઆને કરીમમાં વસીએ રસૂલ, ઝૌજે બતૂલ મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની ફઝીલત, શાન અને અઝમતને ઝાહિર કરતી ઘણી આયતો મૌજૂદ છે. આ આયતોનાં સાથે ઈમાનનાં દુશ્મનો, મુમેનીન સાથે ફરેબ કરનાર મુનાફિકો અને હક્કને જાણા બદ પણ તેનો ઈન્કાર કરનાર કાફિરો ના અઝાબ વાસ્તે પણ કુરઆનમાં સખ્ત બયાન આવેલું છે. જે વક્ત મૌલા અલી (અ.સ.), રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના બિસ્તર પર પોતાની જાનની પરવાહ કીધા બગૈર, મૌતને ગલે લગાવીને, શુજાઅતનો પરચો બતાવીને, હિજરતની રાતે સુતા તો અલ્લાહતઆલાએ ફરિશ્તાઓ પર ફખર ખાઈને આયતે શરીફાહ નાઝિલ ફરમાવી જેમાં બયાન છે કે, "વમિનન્નાસે મંય યશરી ...... એબાદ" યાઅની લોગોમાંથી એવા શખ્સ છે, જે **ખુદાની ખુશીના તલબ કરવા વાસ્તે ખુદને વેચી દે છે, કુરબાન કરી દે છે** અને અલ્લાહ બંદાઓ પર ઘણો મહેરબાન છે. બીજી એક આયતમાં મૌ.અલી (અ.સ.) નો કાતિલ લઈન અબ્દુર્રહમાન બિન મુલજિમ અને તેના જેવા બદબખ્ત, શકી અને બદકાર વાસ્તે બયાન છે કે, લોગોમાંથી એવા પણ છે, જે ઝબાનથી તો સાફ-સાચા લાગે પણ દિલના મેલા હોય, ઝઘડાલૂ હોય, **જે વક્ત પીઠ ફિરાવે તો ઝમીનમાં ફસાદ સિવાય બીજું કઇ ન કરે.** સૂરતુલ બકરાહની આ બેવે આયતોની માઅના એકબીજાથી બિલકુલ ખિલાફ છે.

મૌલાના અલી (અ.સ.) ની ફઝીલતો અને શાનાતને છુપાવવા વાસ્તે દુશ્મનો - બનુ ઊમય્યાહ અને બનુલ અબ્બાસના હાકિમોએ બેહદ કોશિશ કીધી, બેશુમાર મકરો ફરેબના દાવ રચા યહાઁ તક કે, આપ મૌલાની સિફતો સનામાં કુરઆને કરીમની જે આયતો ઉતરી તેને આપના દુશ્મનોના નામે રિવાયત કરી દીધી, ખોટા વાકેઆ ઘડી નાંખા, હદીસોમાં ફેર-બદલ કરી નાંખી અને જે આયતો આપના દુશ્મનોની ફઝેહતી, બદનામી અને શયતાનીયત બયાન કરનારી હતી, તેના બયાનોને પલટાવીને આપ મૌલાના નામે ચઢાવી દેવાની જે નાપાક સાઝિશો કીધી તેની એક મિસાલ યહાઁ પર આપવી મુનાસિબ લાગે છે.

આપ મૌલાની શહાદત બાદ દમિશ્ક (શામ) પર દુશ્મને અહલે બૈતે રસૂલ બનુ ઊમય્યાહના હાકિમોએ પગદંડો જમાવો, શરીઅતને રમકડું બનાવી દીધું, મનને બહેલાવવા વાસ્તે જેને જેમ લાગું તેમ હલાલો હરામમાં તબ્દીલી લાવતા ગયા. ઉપરની બે આયતો સાથે આ દુશ્મનોએ કેવી રમતબાઝી કીધી તેનું બયાન એમ આવેલું છે કે, **બનુ ઉમય્યાહનો અબુ યઝીદ આપ મૌલાનો કટ્ટર દુશ્મન હતો, એની રગોમાં ખૂન નહીં મગર આપ મૌલા વાસ્તે ઝહેર દોડતું હતું.** તેએ કુરઆને કરીમની ઘણી આયતો જે આપની શાનમાં નાઝિલ થયેલી હતી અને રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ની બેશુમાર હદીસે પાક જેમાં અહલે બૈત (અ.સ.) ના ફઝાઈલ અને મોહબ્બતની વાત હતી, તેને બદલીને ગૈરના નામે લખાવી લીધી. આ તરહ અનગીનત જૂઠી રિવાયતો અને કિસ્સાઓ ઈસ્લામી મમ્લેકતમાં ફેલાઈ ગયા.

એક દિન તેએ સુમ્રાહ બિન જુન્દુબને એક લાખ દિરહમ પૈશ કરીને કહ્યું કે, આપ મૌલાની શાનમાં ઉતરેલી પહેલી આયતને આપના કાતિલ ઈબ્ને મુલજિમની

*(બકીયાહ પેજ નં. ૯ પર)*

**નોંધ : મિશ્કાતુલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુબંઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /– (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★

-::: ઝાહેર ખબર :::-

**PERSONAL TUITIONS**

KG to Std.VIII (GSEB & CBSE) Along with guaranteed English Learning. Limited Seats, Grab the opportunity.

Contact : **Mrs. Sakina Giniwala**

9428977872 / 9427341453

Add.: 112, Taj Complex, Ajwa Road, Vadodara. ★

---

## Maxim Refrigeration

Repairs & Services of all types of Refrigerators, ACs & Washing machines & Annual Maintenance.

B-10, Vishramnagar Society, Opp. Taksh Complex, Vasna Road, Vadodara - 15.

**Mashkur - 9925595229** ★

---

Ismat Madam's

**Genius Personal Tuition Class**

Std.10 : Sanskrit, Gujarati, Hindi (Eng. & Guj. Medium)

**Ismat A. Gulabiwala (M.A., B.Ed.)**

103, Ali Chamber-1, Taiyebi Park, Ajwa Road, Vadodara - 19.

M.: 9974405146 ★

-::: જોઈએ છે :::-

**સ્ટાર હાર્ડવેર સ્ટોર (નવાબઝાર)**

માં બે (૨) મુમિનભાઈ મુલાઝિમોની ઝરૂર છે. જેને હાર્ડવેરના વેપારમાં હુશિયારી હોય, માહિતી અને તજરૂબો હોય તે નીચે આપેલા ફોન પર કોન્ટેક્ટ કરી શકે છે.

**મુલ્લા દિલાવરહુસૈન મોતીવાલા**

**ફોન : ૦૨૬૫-૨૪૩૨૧૭૯ / ૯૮૯૮૦૬૩૯૩૫.** ★

-::: ઝાહેર ખબર :::-

**Image Accountancy**

Ibrahim H. Tinwala

M.: 9898442032

Contact for all types of computer accounting work, sales tax return manual & vat-e-return, CST-e-return & Personal return.

**Zulfi Travels**

Zulfiqarali H. Tinwala

M.: 9974382384 (R) 2510639

Govt.Authorised

IRCTC Railway Agent

Contact for all types of Railway ticket booking, Air & Bus Booking.

**B-203, Sakina Appt., Taiyebi Park Society, Ajwa Road, Vadodara.** ★

---

**Royal Events**

Weddings, Birthday Parties, Anniversaries, Brand Promotion, Product Launch, Road Shows, Corporate Events, Conferences, Etc.

**Ali Asgar Lalawala (Clipwala)**

M.: +919825578694

**Lameaa Lalawala (Clipwala)**

M.: +919712997860

C-201, Gulistan Appt., Near Taiyebi Park Society, Ajwa Road, Vadodara-390 019.★

---

**Royal Carpet House**

Floor Covering, Imported Wall to Wall Carpets, Wall Covering, Window Dressing, Non Woven & Loop/Cut Pile Carpets.

**Anees Patel : 9374234805 / 0265-6546570**

G-1, Shyamwala Complex, Opp. Bhadra Kacheri, Panigate, Vadodara. ★

**ઘણા મોટા ઈરાદા કરતા ઘણું નાનું ખૈરનું કામ વધારે અફઝલ છે.**

## -::: ઝાહેર ખબર :::-

## બદરી સ્વીટસ

**અમારે ત્યાં મુંબઇ તથા વડોદરાની પ્રખ્યાત મિઠાઇઓ, ફરસાણ મળશે. લગ્ન તેમજ શુભ પ્રસંગના ઓર્ડર લેવામાં આવશે.**

*૩, અલવી એપાર્ટમેન્ટ, હરણખાના રોડ, પાણીગેટ,*
વડોદરા - ૩૯૦ ૦૧૭.
ફોન : ૦૨૬૫-૨૫૬૨૫૭૨ મો.: ૯૫૮૬૮૮૪૭૭૩ ★

## ફાઈન આર્ટ કલાસ

→ ફેબ્રીક પેઈન્ટીંગ, એમ્બોસ પેઈન્ટીંગ, જરીવર્ક, બીડસ વર્ક તથા એમ્બ્રોઈડરી વર્ક શીખવા માટે.
→ જરી વર્ક માટે જરી પાવડર, ગ્લૂ તથા અન્ય મટીરીયલ્સ વ્યાજબી ભાવે મેળવવા.
→ ઓર્ડર મુજબ આકર્ષક ડ્રેસ, રીદા, ઘાઘરા-ઓઢણાં ઉપર વર્ક તેમજ પેઈન્ટીંગ કરવા માટે.
કોન્ટેકટ : બુરહાના એમ. ગોદીવાલા,
એ-૩૨, બહાર કોલોની, આજવા રોડ, વડોદરા - ૧૯.
મો.: ૯૯૯૮૫૮૨૭૧૬ ★

## એમ. એમ. ગ્લાસ

**(મોહસીન એસ. સુરતી)**

ફોન : ૨૫૨૧૫૬૯ / ૯૮૨૫૫૫૨૧૫૧

**દરેક પ્રકારના બારી બારણાંના કાચ તથા એલ્યુમિનિયમ સેક્સન બારી-દરવાજા-પાર્ટીશન ના કામ માટે.**

જી-૧, શાલીમાર ફલેટસ, ટેલીફોન એકસચેન્જ, પાણી ની ટાંકી પાસે, આજવા રોડ, વડોદરા. ★

## માસુમા બુટીક

૧૩-૧૫, સૈ.મુસનજી તાજ સાહેબ શહીદ દરગાહ, પાણીગેટ, વડોદરા - ૧૭.

**દુલ્હન જોડીઓ, નમાઝી તથા ફેન્સી જોડીઓ, કાપડમાં રિદા-કુર્તા-સાયા-સુસી-જાજમ-પડદા-એહરામ-કોટન-વગૈરા, ફેન્સી રિદાઓ અને પંજાબી, મસલ્લા અને હદીયાની અનેક આઇટમો વાજબી ભાવે મળશે.**

ફોન : ૯૯૧૩૭૩૩૪૮૬૬,
૨૫૧૨૬૩૮, ૨૫૬૦૯૦૯. ★

## -::: ઝાહેર ખબર :::-

## કલાસિક ફોટો સ્ટુડીઓ

**મોહંમદઅલી કાચવાલા** મો.: ૯૯૦૪૪૭૦૪૯૮
**મઝહરઅલી એમ. કાચવાલા** મો.: ૯૫૫૮૬૪૯૯૭૨

અમારે ત્યાં નીચે જણાવ્યા મુજબના કામ કરી આપવામાં આવશે :

(૧) ડીજીટલ સ્ટુડીઓ ફોટોગ્રાફી (૨) પાસપોર્ટ ફોટો (૩) ઈમીગ્રેશન અને વીઝીટર વીઝા ફોટો (૪) ફોટો એડીટીંગ (૫) વેડીંગ ફોટોગ્રાફી (૬) ચીલ્ડ્રન્સ, ફેમેલી અને ગ્રુપ ફોટોગ્રાફી (૭) ઇન્ડસ્ટ્રીયલ તેમજ પ્રોડકટ ફોટોગ્રાફી (૮) કોઈપણ પ્રકારના ફંકશન - પ્રસંગની ફોટોગ્રાફી (૯) રોલ ડેવલોપીંગ અને પ્રિન્ટીંગ (૧૦) ફોટો પ્રિન્ટસ : સી.ડી., મેમરી કાર્ડ, પેન ડ્રાઈવમાંથી (૧૧) પર્સનાલાઈઝડ ગ્રીટીંગ્સ, બર્થડે ઈન્વીટેશન કાર્ડસ, વીઝીટીંગ કાર્ડસ.

➽ ઉવેઝ ચેમ્બર, દુકાન નંબર ૩, સુલેમાની બેંક પાસે, ઝાયકા કેટરર્સની બાજુમાં, સુબ્હાનલ્લાહ હોટેલ સામે, ગેંડીગેટ રોડ, વડોદરા - ૩૯૦ ૦૧૭. ★

**.... કારપેટ .... કારપેટ .... કારપેટ ....**

અમારે ત્યાં નવીન ડિઝાઈન અને કલરમાં દરેક પ્રખ્યાત કંપનીની કારપેટ ખરીદવા માટે પધારો....

## લકી કારપેટ સેન્ટર

C/o. **મહેબૂબભાઇ ભાઇસાહેબ** ફોન : ૨૫૮૦૫૬૬
વાયડા પોલના નાકે, વાડી, ચોખંડી, વડોદરા. ★

**Zenith**

**HEARING AIDS BY ELKON** audifon



AM unitron hearing

**100 % DIGITAL INVISIBLE ITC & CIC**

**" NATIONAL PLAZA "**
Alkapuri, R.C Dutt Rd.,
Ph 2354118, 2342884
**" THE EMPEROR"**
Fatehgunj Main Road Ph : 2787744
**" SHIPRA"**
Nr. New Alka Restaurant
Old Padra Road Ph.: 2252266
**"KEDAR"**
1st Flr. Nr. Laheripura Gate, Ph.2422307

**ફકત પોતાના વાસ્તે જ સોચવું પોતાની તરક્કી વાસ્તે અડચણ છે.**